<u>**ગઢડાના એડી. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં મુ.**</u>

<u>**ગઢડા(સ્વા.)**</u>

<u>**ફોજદારી કેસ નં. ૯૧૩/૨૦૨૩**</u>

**આંક–**

૧) ગુન્હો બન્યા તારીખ :– ૨૦/૧૨/૨૦૨૧

૨) ગુન્હો જાહેર થયા તારીખ :– ૨૦/૧૨/૨૦૨૧

૩) ફરીયાદી :– શ્રી સરકાર

૪) આરોપીનું નામ, ઉંમર સરનામુ :– અલ્પેશભાઈ મથુરભાઈ ડાભી
ઉ.વ.૩૧,
રહે. ઢસા ગામ,ગુરૂકૃપા અલંગ વાળી શેરી
તા. ગઢડા, જિ. બોટાદ

૫) ગુન્હાની વિગત :– એમ. વી. એકટની કલમ–૧૮૫

૬) આરોપીની પ્લી

સવાલઃ– તમોને પોલીસ પેપર્સની નકલો મળેલ છે?

જવાબઃ– હાજી

સવાલઃ– ફરીયાદની હકીકત તમોને વાંચી સંભળાવી, સમજાવવામાં આવી તે મુજબ ગુનો તમને કબુલ છે?

જવાબઃ– હા, મને ગુનો કબુલ છે. અમારો પ્રથમ ગુનો છે. અમો ગરીબ વર્ગના અને બાળ બચ્ચા વાળા માણસ છીએ. કુટુંબની જવાબદારી અમારા શીરે હોય, હળવી સજા કરવા નમ્ર અરજ છે.

..........................
(આરોપીની સહી/અંગુઠાનું નીશાન) અમારા રૂબરૂ

(એ જે.વાસુ)
એડી. જ્યુ. મેજી. ફ.ક. ગઢડા

---

આ કામના આરોપી વિરૂધ્ધ એમ.વી. એકટ કલમ ૧૮૫ મુજબના ગુનાનું ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે. જે આરોપી હાજર થતા સદરહુ ગુનો કબુલ કરી પ્રથમ ગુનો હોવાનું તથા ગરીબ બાળ બચ્ચા વાળા માણસ હોવાનું જણાવે છે અને ભવિષ્યમાં આવો કે આવા પ્રકારનો ગુનો ન કરવાની કોર્ટને બાંહેધરી અને ખાત્રી આપે છે. આરોપીને સજા અંગેની જોગવાઈની સમજ આપવામાં આવે છે. ત્યારબાદ પણ આરોપી સદર ગુનો કબુલ કરતા હોય આરોપીની કબુલાત સ્વૈછીક જણાય છે. તે ઉપરાંત કેસના સંજોગોને ધ્યાને લેતા અને સજાની જોગવાઈ અંગેના નામ.ગુજરાત હાઈકોર્ટના સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરચંદજીના કેસમાં ૨૦૦૫ જી.એલ.આર. પાના નંબર–૭૦૯ ઉપર પ્રકાશીત ચુકાદાના માર્ગદર્શક સિધ્ધાંતોને ધ્યાનમાં લેતા આરોપીને ઓછી સજા કરવી ન્યાયોચિત જણાય છે. જેથી આરોપીને સુધરવાની તક મળે અને કેસના સંજોગોને ધ્યાને લઈ ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**:: હુ ક મ ::**

આ કામના આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ – ૨૫૨ મુજબ એમ.વી.એકટ–૧૮૫ મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી રૂા. ૨,૦૦૦/– અંકે રૂપીયા બે હજાર પુરાનો દંડ અને દંડની રકમ ન ભરેતો દિવસ ૧૦ ની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે.

મુદ્દામાલ મોટરસાયકલ અન્વયે જો અગાઉ કોઈ વચગાળાનો હુકમ કરેલ હોય તે આ હુકમથી કાયમ કરવામાં આવે છે અન્યથા સદર મોટરસાયકલ અંગે ગાડી ના માલીકી અંગે પોલીસે ખરાઈ કરી મુળ માલીક ને ખરાઈ કરી પરત કરવી.

હુકમ આજરોજ તારીખ–૧૩, માહે–મે, સને–૨૦૨૩ ના રોજ લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળઃ– ગઢડા
તારીખઃ– ૧૩/૦૫/૨૦૨૩

(અરૂણ જયોતીષ વાસુ )
એડી.જ્યુ.મેજી. ફ.ક. ગઢડા(સ્વા.)
UIC NO. GJ 01397